જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૧/૨૦૧૮ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર અને ૭૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૨૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૬/૧૮**

**ઘાટલોડીયાઃ** નિતીશ નરેંદ્રસિંગ પરીહાર (રહે.સફલ પરીવેશ સફલ રોડ પ્રહલાદનગર) એ તા.૧૯/૧/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ગુજરાત મશીનરી પ્રા.લી.કંમ્પનીના ડાયરેકટરો સુમન ખગેંદ્રનાથ ગોહારાય તથા શ્રીમતી સુતપા ગોહારોય (રહે. સાથ એપાર્ટમેન્ટ સેન્ટ ઝેવીયસ લોયેલા હાઈસ્કૂલની બાજુમા મેમનગર) એ તા.૨૮/૧૨/૨૦૧૭ પહેલા નારણપુરા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પ્રગતીનગર બ્રાંચ ખાતેરૂપિયા ૧૦ લાખ ના ચેકમાં ચેડા કરી ચેકમાં રૂપિયા ૫૦ લાખની રકમ કરી તે ચેક પ્રગતીનગર બ્રાન્ચ એસ.બી.આઈ.ખાતે ક્લિયર કરાવી બીજા ખાતામાં ટ્રાન્સફર કરાવી બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.આર.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭/૧૮**

**વાડજઃ** સંગીતાબ્હેન વા/ઓ વિક્રમભાઇ શાહ (ઉ.વ.૪૫) (રહે.રામઘર એપાર્ટમેન્ટ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા બેન્કની સામે વ્યાસવાડી નવા વાડજ) તા.૧૮/૧/૧૮ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નવા વાડજ પુરુષોત્તમ્નગર સર્કલનજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા૧૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સંગીતાબહેન શાહે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮/૧૮**

**શાહપુરઃ** રાકેશ રવિશંકર શ્રીમાળી (ઉ.વ.૩૫) (રહે. દિલ્હી ચકલા ભોઈવાડા દેના બેન્ક પાછળ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧/૧૮ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

**બાપુનગરઃ** રાહુલ પોપટભાઇ પટણી (ઉ.વ.૨૧) (રહે.ચંદુલાલની ચાલીના છાપરા મેજીસ્ટેટની ચાલી બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧/૧૮ કલાક ૦૦/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે ઠાકોર ચલાવે છે.

**નારોલઃ** જયશ્રીબહેન વા/ઓ જયેશભાઇ પરમાર (ઉ.વ.૨૮) (રહે. ગગનવિહાર સોસાયટી શ્યામવિલા ફ્લેટ પાછળ શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧/૧૮ બપોરના ૪/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.